# જામનગરના બ્રાસપાર્ટસ ઉદ્યોગનો ઈતિહાસ
# આજ અને આવતીકાલ


## બ્રાસઉદ્યોગની શરૂઆત

જામનગરના બ્રાસપાર્ટસ ઉદ્યોગની શરૂઆત ભારત દેશની આઝાદી પહેલાની ગણી શકાય. વિવિધ મત મુજબ આ ઉદ્યોગની સ્થાપના ૧૯૪૪-૪૫ના સમયગાળામાં થઈ અને ત્યારબાદ તબક્કાવાર ૧૯૫૬-૫૭માં તેનો વિકાસ થયો. જામનગર ખાતે બ્રાસ ઉદ્યોગની સ્થાપના પહેલા મોલ્ડીંગ પાવડરમાંથી બનતા બટન બનાવવાનો ઉદ્યોગ ચાલતો હતો. બ્રાસઉદ્યોગના વિકાસમાં ખાસ કરીને સુથાર જ્ઞાતિનું મહત્ત્વનું યોગદાન ગણી શકાય. સુથાર જ્ઞાતિના હીરજી મીસ્ત્રીએ તે અરસામાં હેન્ડ ઓપરેટેડ તથા ઈલેક્ટ્રીક ઓપરેટેડ મશીન સ્વસુઝથી રૂા ૧ થી ૨ હજારના અને એટલા જ હોર્સપાવરના બનાવ્યા. જેથી સામાન્ય માણસો પણ આ રોજગાર તરફ વળ્યા અને ગૃહઉદ્યોગ ચલાવવા માટે ખરીદી પોતાનો ઉદ્યોગ સ્થાપિત કરી સ્વરોજગારલક્ષી બન્યા.



બ્રાસઉદ્યોગને મુખ્યત્વે ચાર વિભાગમાં વિભાજીત કરી શકાય. (૧) કાસ્ટીંગ (૨) ટર્નીંગ (૩) ડ્રીલીંગ અને (૪) સ્લોટીંગ. આ ઉદ્યોગનો કાચોમાલ એટલે કે પિત્તળ સળીયા બનાવવા માટે કોલસાથી ચાલતી નાની ભઠ્ઠીઓ લુહાર તથા સુતાર જ્ઞાતિ દ્વારા સ્થાપવામાં આવી. વળી, પિત્તળ એ રીમશીનેબલ હોવાથી આ ઉદ્યોગનો વધુ વિકાસ શક્ય બન્યો. શરૂઆતમાં બ્રાસઉદ્યોગના કાચામાલ પિત્તળના સળીયા ઢાળવા માટે સ્થાનિક બજારમાંથી પિત્તળના વાસણોનો ઉપયોગ કાચામાલ તરીકે ઉપયોગ કરવામાં આવતો પરંતુ ત્યારબાદ બ્રાસઉદ્યોગના સતત વિકાસને કારણે કાચામાલની જરૂરીયાત સામે સ્થાનિક બજારમાં તુરતો પુરવઠો ઉપલબ્ધ ન હોવાને કારણે આજે ૯૦ % પરદેશથી આયાત કરવામાં આવે છે.

ગત ૧૯૭૦માં સરકારશ્રીએ અહિંના બ્રાસઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે થઈને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની રચના કરી અને જેને લીધે આ ઉદ્યોગની મુળભૂત જરૂરીયાત



જમીન અને અન્ય પ્રાથમિક સુવિધાઓ જેમ કે કાચામાલની આવક, યાંત્રિક સાધન, બુદ્ધિજીવી કારીગરવર્ગ તેમજ ઔદ્યોગિક વસાહતની જમીનમાં ઔદ્યોગિક એકમોના બાંધકામની સુવિધા ઉપલબ્ધ બનતાં અને સરકારશ્રીની પ્રોત્સાહક નિતીને પગલે આ ઉદ્યોગે એક પછી એક પ્રગતિના સોપાનો સર કર્યા. ભારત દેશમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગ મોટાભાગે ગુજરાત (એમાંય ખાસ કરીને જામનગર) ઉત્તરપ્રદેશ, હરીયાણા અને પંજાબ ખાતે સ્થપાયેલ છે.

ગુજરાતમાં (અને એમાંય ખાસ કરીને જામનગરમાં) સ્થપાયેલ બ્રાસપાર્ટસ ઉદ્યોગ દેશની કુલ જરૂરીયાતના લગભગ ૭૦% પુરી પાડે છે. અને વિદેશોમાં પણ બ્રાસપાર્ટસની નિકાસ કરવામાં આવે છે. અહિંના બ્રાસપાર્ટસ ઉદ્યોગમાં અસંખ્ય આઈટમો બનાવવામાં આવે છે તેમાંથી થોડા નામો લઈએ તો બાયસીકલ ટયુબ વાલ્વ (દરેક સાયકલની ટયુબમાં પિતળનો વાલ્વ હોય છે તે) બેટરી ટર્મીનલ (દરેક બેટરીમાં પિતળના બે ટર્મીનલ હોય છે તે) ઓટો પાર્ટસ, ઈલેકટ્રીક તથા ઈલેકટ્રોનિક્સ પાર્ટસ, બિલ્ડીંગ હાર્ડવેર પાર્ટસ, (જેવા કે પિત્તળ મીજાગરા, સ્ટોપર, હેન્ડલ, પવન આંકડી વિગેરે) મેથેમેટીકલ પાર્ટસ, સર્જીકલ પાર્ટસ, પેન બોલપેન પાર્ટસ, સ્ટવ અને પેટ્રોમેક્સ પાર્ટસ વિગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે.

## બ્રાસ ઉદ્યોગનો વિકાસ



અહિંના ઉદ્યોગ સાહસિકોએ અતિ નાના પાયે, ટૂંકી મૂડીમાં, મર્યાદિત જગ્યામાં પોતાના સ્વબળે તથા આગવી સુઝબુઝથી ઉદ્યોગ પ્રસ્થાપિત કરી બ્રાસપાર્ટસનું ઉત્પાદન કરવાની મશીનરી કોઈપણ જગ્યાએથી આયાત કરવાને બદલે સ્વપ્રયત્ને ઓટોમેટીક મશીનરી પાર્ટસનું સફળતાપૂર્વક બનાવી અનેક અવરોધો વચ્ચે, આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી, બજારનાં હરીફાઈયુક્ત વાતાવરણ વચ્ચે પણ સ્થાપ્યા પછી કયારેય પણ પાછું વળીને જોયું નથી. ૧૯૮૦ સુધીમાં તો અહીયા બ્રાસપાર્ટસ તથા તેને આનુસંગિક પાર્ટસનું ઉત્પાદન કરતા આશરે ૩,૫૦૦ જેટલા નાના મોટા ઔદ્યોગિક એકમો ધમધમતાં થઈ ગયાં. જેમાં આશરે ૩,૦૦૦ જેટલા બ્રાસપાર્ટસ ઉત્પાદકો, આશરે ૩૦૦ જેટલી બ્રાસ ફાઉન્ડ્રીઓ, આશરે ૧૦૦ જેટલા બ્રાસપાર્ટસ મશીનરીના ઉત્પાદકો તથા આશરે ૧૦૦ જેટલા ઈલેકટ્રોપ્લેટીંગ કરતાં એકમોનો સમાવેશ થતો હતો જે વર્ષ ૨૦૦૦/૦૧ સુધીમાં તેની સંખ્યા વધીને આશરે ૪,૦૦૦ જેટલી થઈ ચુકી હતી પરંતુ ત્યારબાદ મંદી તથા અન્ય પ્રતિકૂળ કારણોને લીધે આશરે ૮૦૦ થી ૧૦૦૦ જેટલા એકમો બંધ થઈ જતાં તેની સંખ્યા ૩,૦૦૦ જેટલી છે.



## દેશના વિકાસમાં યોગદાન

ભારતમાં અને વિદેશમાં આજે બ્રાસપાર્ટસની મોટી માંગ છે. જામનગરના બ્રાસઉદ્યોગમાં જે બ્રાસના વિવિધ પુર્જાઓનું ઉત્પાદન થાય છે તેની વિકસીત દેશની સાથોસાથ પછાત દેશોમાં પણ નિકાસ કરવામાં આવે છે. વિકસીત દેશો જેવા કે યુ.કે., યુ.એસ.એ., મધ્ય પૂર્વ, યુરોપીય દેશો, અને આફ્રિકા ખંડના દેશોમાં તેમજ શ્રીલંકા, પાકીસ્તાન, ઈન્ડોનેશીયા, મલેશીયા, સીંગાપોર, બાંગ્લાદેશ, વિગેરેમાં પણ નિકાસ કરી દેશને હુંડીયામણ રળી આપે છે.

## રોજગારલક્ષી વાતાવરણ



જામનગરનો બ્રાસપાર્ટસ ઉદ્યોગ સ્થાનિક કારીગરોની આવડતને કારણે પ્રસ્થાપિત થયો છે તેમ કહી શકાય. હાલના ૯૦% ઉદ્યોગપતિઓ એક જમાનામાં બીજા ઔદ્યોગિક એકમોમાં મીસ્ત્રી તરીકે કામ કરતાં અને કોઈ નિયમીત તાલીમ વગર માત્ર અનુભવ, આપસુઝ તથા તાંત્રીકી સુઝનો ખૂબીપુર્વક ઉપયોગ કરી આ ઉદ્યોગનો વિકાસ કર્યો અને માપ તથા ડ્રોઈંગ દ્વારા કોઈપણ પાર્ટ બનાવી જામનગરને બ્રાસસીટી તરીકે ઉપનામ અપાવવામાં યોગદાન આપ્યું.



હાલમાં બ્રાસપાર્ટસ તથા તેને આનુસંગીક ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરતાં આશરે ૫,૦૦૦ જેટલા ઔદ્યોગિક એકમો જામનગર જીલ્લાના આશરે ૬૦,૦૦૦ લોકોને પ્રત્યક્ષ રીતે તથા આશરે ૧,૫૦,૦૦૦ લોકોને ગૃહઉદ્યોગ દ્વારા પરોક્ષ રીતે રોજગારી પુરી પાડી સ્વમાનભેર જીવવાની તકો પુરી પાડી ઔદ્યોગિક વિકાસની સાથોસાથ જીલ્લાના આર્થિક તથા સામાજીક વિકાસમાં પણ મહત્વનું યોગદાન પ્રદાન કરેલ છે. ૧૦૦% રોજગારીલક્ષી આ સામાન્ય રીતે મોટાભાગે માલિકો મજુરમાંથી પોતાની આવડત તથા સુઝબુઝથી માલિક બનેલ છે જેથી કારખાનાની લગભગ બધી જ બાબત જેવી કે નાંણાકીય હિસાબો, પત્ર વ્યવહાર, યાંત્રિક સામગ્રીઓની દેખરેખ, ખરીદી, વેચાણ પોતે જ સંભાળતા હોય છે. નાના ઉદ્યોગો કે જેમાં ૩ થી ૪ તથા મોટા ઉદ્યોગો કે જેમાં ૪૦૦ માણસો કામ કરતાં હોય તેવા ઉદ્યોગો પણ આવેલા છે. રોજનું રૂ. ૧૦,૦૦૦ થી માંડીને રૂ. ૧૦,૦૦૦,૦૦ સુધીનું ટર્ન ઓવર કરતાં ઉદ્યોગો પણ છે. જામનગરની સાથોસાથ આસપાસના ગ્રામ્ય વિસ્તાર જેમ કે મોરકંડા, ધુંવાવ, નવા નાગના, જુના નાગના વિગેરે ગ્રામ્ય વિસ્તારમાં પણ આ ઉદ્યોગનો સારો વિકાસ થયેલ છે. આ ઉદ્યોગમાં આટલી મોટી સંખ્યામાં કામદારો કરતાં હોવા છતાં માલિક તથા મજુર વચ્ચેના એખલાસભર્યા સબંધોને કારણે આટલા વર્ષના ઈતિહાસમાં ક્યારેય પણ મજુર ચળવળ કે ઔદ્યોગિક શાંતિનો ભંગ થયાનો એકપણ દાખલો બનેલ નથી જે ગૌરવ લેવા જેવી બાબત છે.

## મંદીના ભરડામાં




એક તરફ ઔદ્યોગિક વિકાસ માટે પ્રતિકૂળ વાતાવરણ, કાયદાકીય, આટીઘુંટી, અસહ્ય કરભારણ, તથા પ્રોત્સાહક નિતી તથા ટેકનોલોજી અપગ્રેડેશનના અભાવે તથા વૈશ્વિક મંદીને કારણે એકવખત અહીં ઔદ્યોગિક એકમોની સંખ્યા જે આશરે ૫,૦૦૦ની હતી તે ઘટીને આશરે ૪,૦૦૦ જેટલી રહેવા પામી છે.

અને જેનાથી અસંખ્ય કારીગરો બેકાર બન્યા છે અને રોજગારી માટે તેઓ અન્ય રોજગાર તરફ અથવા તો અન્યત્ર સ્થળાંતર તરફ વળ્યા છે.

## વૈશ્વિક હરીફ રાષ્ટ્રો

અહિંના બ્રાસપાર્ટસ ઉદ્યોગને વૈશ્વિક બજારમાં ચાઈના, તાઈવાન, કોરિયા જેવા શક્તિશાળી તથા વિકસીત રાષ્ટ્રો હંફાવે છે. કારણ કે અહિંનો બ્રાસઉદ્યોગ અપૂરતી પ્રાથમિક સુવિધા, કાયદાકીય આંટીઘુંટી, કરવેરાનું ભારણ, તથા પ્રોત્સાહક નિતિના અભાવની સામે પ્રતિસ્પર્ધી રાષ્ટ્રોમાં સરળ મજુર કાયદા, મજુરીના સસ્તા દરો, સસ્તી વિજળી તથા કરવેરાનો દર ઓછો હોવાને કારણે અને પાયાની પ્રાથમિક સુવિધાઓ વ્યાજબી ભાવથી ઉપલબ્ધ હોવાથી પડતર નીચે જવાને કારણે તથા ચાઈનાથી ભારત દેશમાં આયાત થતાં સ્થાનિક બ્રાસઉદ્યોગને ઘણી મુશ્કેલીઓ પડે છે છતાં પણ ઉદ્યોગકારો અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે પણ તેની સાહસિકતા અને લાક્ષણિકતાને ટકાવી રાખી પોતાના ઉત્પાદનને ગુણવત્તાસભર બનાવી આંતરરાષ્ટ્રીય બજારમાં ટકી રહેવા માટે પ્રયત્નો કરી રહ્યા છે.



## બ્રાસઉદ્યોગની અપેક્ષાઓ

દેશની સાથોસાથ વિદેશમાં પણ જામનગરને બ્રાસસીટીનું બિરૂદ અપાવનાર, જીલ્લા માટે જીવાદોરી સમાન તથા કરવેરાના સ્વરૂપમાં કરોડો રૂપીયા રળી આપી સ્થાનિક, રાજ્ય તેમજ કેન્દ્રીય વિકાસમાં મહત્વનું યોગદાન પ્રદાન કરી જામનગર શહેરનું વૈશ્વિક ફલક પર નામ રોશન કરનાર બ્રાસઉદ્યોગ હાલ તેનું અસ્તિત્વ ટકાવી રાખવા ઝઝુમી રહ્યો છે ત્યારે આ ઉદ્યોગને ટકાવી રાખવા માટે વ્યાજબી દરે નાણાંકીય સહાય, કરવેરામાં રાહત, વેંચાણ માટે બજાર વ્યવસ્થા, સસ્તા દરે વિજળી તથા કાચોમાલ મળી રહે સાથોસાથ કાયદાકીય આટીઘુંટીમાં રાહત અપાય તો જામનગરનો ઘોરીનસ સમાન આ બ્રાસપાર્ટસ ઉદ્યોગને વિકાસના શીખરો સર કરી આગળ વધારી શકાય.





**ભરતભાઈ એચ. ધોઢીયા**
માનદમંત્રી